## મોકડ્રીલ અહેવાલ

- ભારત સરકારનાં ગૃહ મંત્રાલયનાં નિર્દેશાનુસાર નાગરિકોની સુરક્ષા અને જાગૃતિ અંતર્ગત અમારી બારડોલી સુગર ફેક્ટરી ખાતે તાલુકા કક્ષાની મોકડ્રીલ યોજવામાં આવેલ હતી.
- બારડોલી તાલુકાનાં પ્રાંત અધિકારી શ્રી, પોલીસ સ્ટાફ, ફાયર વિભાગ, ડિસ્ટ્રિક્ટ હેલ્થ વિભાગ, સિવિલ ડિફેન્સ ટીમ, બારડોલી સુગર ફેક્ટરીની ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ, ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન વિભાગ (GSRTC), શ્રી સરદાર સ્મારક હોસ્પિટલ, તથા ટેક્સાસ મલ્ટીસ્પેશીયાલીટી હોસ્પિટલનાં સંયુક્ત સહકાર થી મોકડ્રીલનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવેલ હતુ.

  - **મોકડ્રીલ ની તારીખ :** ૦૭/૦૫/૨૦૨૫
  - **મોકડ્રીલ વિષય :** દુશ્મન દેશનાં લડાકુ વિમાન દ્વારા હવાઈ હુમલો
  - **મોકડ્રીલનો હેતુ :** આકસ્મિક પરિસ્થિતીની સમજણ, જાગૃતતા, પરસ્પર સંકલન, ટીમ-વર્ક, સ્વ-બચાવ
  - **મોકડ્રીલ સાયરન વાગ્યાનો સમય :** સાંજે ૦૪:૦૦ કલાકે (યુદ્ધની જાણ કરતું સાયરન)
  - **મોકડ્રીલ હવાઈ હુમલાનો સમય :** સાંજે ૦૫:૦૦ કલાકે
  - **અસરગ્રત સ્થળ :** બારડોલી સુગર ફેક્ટરીનું સુગર કેન અનલોડીંગ યાર્ડ
  - **નુકસાનીની વિગત:** ૩ કર્મચારીઓનાં મોત, ૧૩ કર્મચારીઓ ગંભીર, ૨૭ કર્મચારીઓને સામાન્ય ઈજા

- ઘટના સ્થળ ઉપરની કાર્યવાહી :

**એમ્બ્યુલન્સ, તાલુકા હેલ્થ વિભાગ તથા માર્ગ પરિવહન વિભાગ ની કાર્યવાહી:**

- સંસ્થાનાં મેડિકલ ઓફિસરશ્રીને ઘટનાની જાણ થતાં તુરંત બારડોલી સુગર ફેક્ટરીની ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ સાથે સાંજે ૦૫:૦૧ કલાકે ઘટના સ્થળે પહોચ્યા. તેઓએ ૧૦૮ તેમજ તાલુકા હેલ્થ વિભાગને જાણ કરી. જેઓ એમ્બ્યુલન્સ અને મેડિકલ ટીમ સાથે સાંજે ૦૫:૦૩ કલાકે પહોચી ઘટના સ્થળનાં ઈજા પામેલ કર્મચારીઓને તપાસી પ્રાથમિક સારવાર આપી સલામત સ્થળે ખસેડવાની કામગીરી શરૂ કરેલ. ત્યારબાદ ગંભીર ઈજા પામેલ અને સામાન્ય ઈજાગ્રસ્ત કર્મચારીઓને તુરંત એમ્બ્યુલન્સની મદદથી શ્રી સરદાર સ્મારક હોસ્પિટલ, તથા ટેક્સાસ મલ્ટીસ્પેશીયાલીટી હોસ્પિટલ, બાબેન ખાતે સારવાર માટે ખસેડેલ હતા. મૃત્યુ પામેલ કર્મચારીઓને રેફરલ હોસ્પિટલ ખાતે લઈ ગયેલ હતા. આ ઘટનામાં પ્રભાવિત ન થયેલ કર્મચારીઓને ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન વિભાગ (GSRTC) ની બસો દ્વારા નજીકના સલામત સ્થળ બાબેન પ્રાથમિક શાળા ઉપર લઈ ગયેલ હતા.

KHAND UDYOG KUB BARDOLI

International Year of Cooperatives 2025
Cooperatives Build a Better World

## સંસ્થાનાં સિક્યુરિટી વિભાગ તથા પોલીસ વિભાગની કાર્યવાહી:

- ઘટનાની જાણ થતાં સંસ્થાની સિક્યુરિટી વિભાગ દ્વારા ઘટના સ્થળ ને કોર્ડન કરી તુરંત પોલીસ વિભાગને જાણ કરેલ હતી. પોલીસ ટીમ, એમ્બ્યુલન્સ તથા ફાયર વિભાગની ટીમોની સરળ અવરજવર માટે તમામ રસ્તાઓ ઉપર બંદોબસ્ત ગોઠવેલ હતો અને દિશા નિર્દેશનનું કાર્ય કરેલ હતું.

- સંસ્થાનાં સિક્યુરિટી ઓફિસરશ્રી એ ૧૦૦ નંબર ઉપર ફોન કરી ઘટનાની જાણ કરતાં પોલીસ સ્ટાફનો કાફલો સાંજે ૦૫:૦૪ કલાકે ઘટના સ્થળ ઉપર પહોચ્યો હતો. પોલીસ ટીમ ઈજાગ્રસ્ત કર્મચારીઓનાં રેસ્ક્યુ કાર્યમાં મદદરૂપ થઈ. ઘટના સ્થળે તેમજ હોસ્પિટલો ખાતે ધસી આવેલ બાહ્ય લોક ટોળાંને નિયંત્રણ કરવાની કામગીરી સંભાળી હતી. એમ્બ્યુલન્સને હોસ્પિટલ સુધી જવા માટે તેમજ ફાયર વિભાગના સાધનોની સરળ અવરજવર માટે તમામ રસ્તાઓ ઉપર બંદોબસ્ત ગોઠવેલ હતો.

## ફાયર વિભાગ તથા સિવિલ ડિફેન્સ ટીમની કાર્યવાહી:

- ઘટનાની જાણ થતાં તુરંત સંસ્થાની ફાયર અને સેફટી ટીમ દ્વારા સંસ્થાનાં અગ્નિશમન યંત્રો દ્વારા આગ ઉપર કાબુ મેળવવાની પ્રક્રિયા શરૂ કરેલ હતી.

- સંસ્થાનાં સેફ્ટી વિભાગ દ્વારા ફાયર વિભાગને ૧૦૧ નંબર ઉપર જાણ કરતાં તુરંત સાંજે ૦૫:૦૪ કલાકે બારડોલી તાલુકા ફાયર વિભાગની ટીમ તથા સિવિલ ડિફેન્સ ટીમ ઘટના સ્થળે પહોંચી અને હવાઈ હુમલાને કારણે લાગેલ આગ ઉપર ફાયર ટેન્ડરની મદદથી કાબૂ મેળવેલ હતો. ઉપરાંત ફાયર ટીમ તથા સિવિલ ડિફેન્સ ટીમ દ્વારા ઈજાગ્રસ્ત કર્મચારીઓને રેસ્ક્યુ કરી સલામત સ્થળે તથા એમ્બ્યુલન્સ સુધી પહોચાડવાની કામગીરી હાથ ધરેલ હતી.

## બારડોલી તાલુકાનાં પ્રાંત અધિકારી શ્રી ટીમની કાર્યવાહી:

- ઘટનાની જાણ થતાં જ તુરંત બારડોલી તાલુકાનાં પ્રાંત અધિકારી શ્રી તથા તેમની ટીમ ઘટના સ્થળે, શ્રી સરદાર સ્મારક હોસ્પિટલ, ટેક્સાસ મલ્ટીસ્પેશીયાલીટી હોસ્પિટલ તથા સલામત સ્થળ બાબેન પ્રાથમિક શાળા ખાતે પહોચી ગયેલ હતી.

- તેઓ દ્વારા પોલીસ સ્ટાફ, ફાયર વિભાગ, ડિસ્ટ્રિક્ટ હેલ્થ વિભાગ, સિવિલ ડિફેન્સ ટીમ, બારડોલી સુગર ફેક્ટરીની ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ, ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન વિભાગ (GSRTC), શ્રી સરદાર સ્મારક હોસ્પિટલ, તથા ટેક્સાસ મલ્ટીસ્પેશીયાલીટી હોસ્પિટલ સાથે સતત સંકલન માં રહી જરૂરી તમામ સાથ-સહકાર આપેલ હતો. આ સમગ્ર મોકડ્રીલની માહિતી એકત્રિત કરી જાહેર જનતાને જાગૃત થવા માટે તથા નહિ ગભરાવવા નો સંદેશો આપેલ હતો.

KHAND UDYOG KUB BARDOLI

# મોકડ્રીલની તસ્વીરો

2025 International Year of Cooperatives
Cooperatives Build a Better World

તા.: ૦૭/૦૫/૨૦૨૫













હવાઈ હુમલો થયા બાબતની મોકડ્રીલ

KHAND UDYOG KUB BARDOLI

2025 International Year of Cooperatives

Cooperatives Build a Better World

















હવાઈ હુમલો થયા બાબતની મોકડ્રીલ

















હવાઈ હુમલો થયા બાબતની મોકડ્રીલ

KHAND UDYOG KUB BARDOLI

2025
International Year of Cooperatives
Cooperatives Build a Better World

















હવાઈ હુમલો થયા બાબતની મોકડ્રીલ

KHAND UDYOG KUB BARDOLI

2025 International Year of Cooperatives
Cooperatives Build a Better World



















હવાઈ હુમલો થયા બાબતની મોકડ્રીલ

KHAND UDYOG
KUB
BARDOLI

2025
International Year of Cooperatives
Cooperatives Build a Better World



















## હવાઈ હુમલો થયા બાબતની મોકડ્રીલ